ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન:સ્થાપન માટે SCW-12, વહીવટી ગ્રાંટ SCW-15 વર્ષ ૨૦૨૨-૨૩ ની બજેટ જોગવાઈ પૈકીની પ્રથમ અને દ્વિતિય ત્રિમાસિક ગ્રાંટની ફાળવણી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૨/૯૬૫/ગ
સચિવાલય,ગાંધીનગર
તા.17/09/2022

<u>વંચાણે લીધા:</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:SJED/GSN/e-file/17/2021/001/B

(૨) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરનો તા.૨૭/૦૪/૨૦૨૨નો પત્ર ક્ર: ગુસકાવિનિ /હસબ/બજેટ/૨૦૨૨-૨૩/૧૦૨૬૪-૧૦૨૬૫

(3) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૬/૦૫/૨૦૨૨નો પત્ર ક્ર:અજાક/છ-૫/૨૦૨૨/૩૩૨૯-3330

<u>આમુખ :</u>

વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના તા. ૦૭/૦૪/૨૦૨૨ના આ વિભાગના ઠરાવથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે SCW-12 સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન માટે રૂ.૧૫૦૦.૦૦ લાખ અને અને SCW-15 વહીવટી ગ્રાંટ માટે રૂ.૨૫૩.૫૫ લાખની આયોજન સદરે ચાલુ બાબત તરીકે બજેટ જોગવાઈ થયેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના તા.૨૭/૦૪/૨૦૨૨પત્રથી SCW-12 સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન માટે રૂ.૧૫૦૦.૦૦ લાખ અને અને SCW-15 વહીવટી ગ્રાંટ માટે રૂ.૨૫૩.૫૫ લાખની પ્રથમ અને દ્વિતિય ત્રિમાસિક ગ્રાંટની ફાળવણી કરવા દરખાસ્ત કરેલ છે. તથા ઉક્ત ગ્રાંટની રકમની વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (3) પરના તા.૨૬/૦૫/૨૦૨૨ના પત્રથી ભલામણ કરેલ છે.

ઠરાવ:

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની ઉક્ત દરખાસ્ત અન્વયે વર્ષ ૨૦૨૨-૨૩ માટે સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન (પુજ્ય ઠક્કરબાપા આવાસ યોજના(SCW-12) હેઠળ થયેલ રૂ.૧૫૦૦.૦૦ લાખની જોગવાઈ સામે રૂ.૭૫૦.૦૦ લાખ તેમજ વહીવટી ગ્રાંટ (SCW-15) માટેની રૂ.૨૫૩.૫૫ લાખની જોગવાઈ પૈકી રૂ.૧૨૬.૭૭૫ લાખની વહીવટી મંજૂરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

શરતો:

(૧) સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) વર્ષના અંતે, જો કોઇ બચત રહે તો, તે પરત કરવાની રહેશે.

(૫) નિગમે હવે પછીની ગ્રાન્ટ છુટી કરવાની દરખાસ્ત સાથે જે-તે માસનાં અગાઉના માસના ખર્ચનું માસવાર વિગતવાર પત્રક દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ: ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૫,૨૨૨૫-૦૧-૧૦૨-૦૨-SCW-12 અને માંગણી નંબર-૯૫,૨૨૨૫-૦૧-૧૯૦-૦૨- SCW-15 હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા.૦૧/૦૮/૨૦૨૨ની અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

JPVasava

( જે.પી.વસાવા )

નાયબ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુકત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન,બ્લોક-૧, બી-૧ વીંગ ત્રીજો માળ, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/ રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી ( હ, જ, ક, ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, સા.ન્યા અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગરને વેબ સાઇટ પર મુકવા વિનંતી સ
- સિલેક્ટ ફાઇલ.